# આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા
# કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી કોલેજ ગોધરા,ખાતે સેમિનારનું આયોજન

## કૃષિ શિક્ષણ અને કારકિર્દી અંગે વિદ્યાર્થીઓમાં જાગૃતિ ફેલાવવાનો પ્રયાસ

પંચમહાલ જિલ્લામાં આણંદ કૃષિ યુનિવર્સિટીની, કૃષિ ઈજનેરી અને ટેક્નોલૉજી મહાવિદ્યાલય, ખાતે તા. ૨૪ એપ્રિલ, ૨૦૨૫ના રોજ ધોરણ ૧૦ અને ૧૨ પછી કૃષિ અને સંલગ્ન વિષયોમાં ઉપલબ્ધ અભ્યાસક્રમો તેમજ કારકિર્દીની તકો અંગે આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા વિશેષ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આણંદ કૃષિ યુનિવર્સિટીના કુલપતિશ્રી, ડૉ. કે. બી. કથીરિયા અને કુલસચિવશ્રી, ડૉ. જી. આર. પટેલના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ તેમજ  જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી, પંચમહાલના સહયોગથી આયોજિત આ સેમિનારમાં યુનિવર્સિટીના વિવિધ તજજ્ઞો દ્વારા વિદ્યાર્થીઓને કૃષિ અને સંલગ્ન ક્ષેત્રમાં ઉન્નત અભ્યાસ, ટેકનિકલ કોર્ષિસ, તથા ઔદ્યોગિક તકો અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું. સેમિનારમાં ઉપસ્થિત અંદાજીત ૨૦૦-૨૫૦ જેટલા વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા વાલીઓ માટે આ કાર્યક્રમ માહિતીપ્રદ અને પ્રેરણાદાયક સાબિત થયો હતો. યુનિવર્સિટીના તજજ્ઞો દ્વારા કૃષિમાં નવીન સંશોધન અને ટેકનોલોજી અંગે પણ માહિતગાર કરવામાં આવ્યા. સદર કાર્યક્રમમાં કૃષિ ઈજનેરી અને ટેક્નોલૉજી મહાવિદ્યાલય, ગોધરાના આચાર્યશ્રી દ્વારા સદર અભ્યાસક્રમોનું મહત્વ અને તેની ઉપયોગિતા, ડો. ધર્મેશ કે. વ્યાસ, પ્રાધ્યાપક અને વડા દ્વારા  સ્નાતક અને પોલિટેનિક કક્ષાના રાજ્યની તમામ કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા ચલાવવામાં આવતા તમામ અભ્યાસક્રમોની પ્રવેશ, અભ્યાસ પદ્ધતિ, ઉપલબ્ધ ભૌતિક સગવડો, તેમજ અભ્યાસ બાદ રોજગારીની તકો વિષે, ડો. પિનાકીન ડી. પટેલ, શંશોધન વૈજ્ઞાનિક, મકાઇ શંશોધન કેન્દ્ર, ગોધરા દ્વારા કૃષિ અને બાગાયતને લગતા અભ્યાસક્રમોની માહિતી, ડૉ.  હાર્દિક એસ. શર્મા, મદદનીશ પ્રાધ્યાપક, કૃષિ ઈજનેરી અને ટેક્નોલૉજી મહાવિદ્યાલય, ગોધરા દ્વારા કાર્યક્રમનું સંચાલન અને કૃષિ ઈજનેરી અભ્યાસક્રમની માહિતી પૂરી પાડવામાં આવેલ હતી. ડૉ. બ્રિજેશ એ. અમીન, સહ પ્રાધ્યાપકઅને વડા, ડૉ. નીરજ શેઠ, મદદનીશ પ્રાધ્યાપક અને વડા, ઈજ. કપિલ મંડલોઈ, મદદનીશ પ્રાધ્યાપક, અને શ્રી નિલેષ કે. પ્રજાપતિ, લેબ ટેક્નિશિયન દ્વારા કાર્યક્રમના આયોજન અને સફળ બનાવવાની કામગીરી કરવામાં આવેલ હતી. સદર કાર્યક્રમમાં આણંદ કૃષિ યુનિવર્સિટીની પોલિટેકનિક અને સ્નાતક કક્ષાની વિવિધ મહાવિદ્યાલયોની વિડીયો ક્લિપ બતાવી તેમજ સદર અભ્યાસક્રમોની માહિતી આપતું સાહિત્ય વિચતરણ કરી સદર મહાવિદ્યાલયો અને ઉપલબ્ધ સુવિધાઓથી માહિતગાર કરવામાં આવેલ.

આ સેમિનારનો મુખ્ય આશય વિદ્યાર્થીઓમાં કૃષિ ક્ષેત્રે શિક્ષણ અને કારકિર્દીની શક્યતાઓ વિષે જાગૃતિ વધારવાનો અને વિદ્યાર્થીઓને ભવિષ્યમાં પોતાનો યોગ્ય માર્ગ પસંદ કરવામાં મદદરૂપ થવાનો હતો.







